IJCRT.ORG ISSN : 2320-2882

INTERNATIONAL JOURNAL OF CREATIVE RESEARCH THOUGHTS (IJCRT)

An International Open Access, Peer-reviewed, Refereed Journal

# "મુકુન્દ પરીખ કૃત 'મહાભિનિષ્ક્રમણ' માં માનવીય સંવેદના

Prof. Harsukh V. Kachhadiya

Assistant Professor, Shree JB Dharukawala Mahila Arts College, Surat

Affiliated to Veer Narmad South Gujarat University, Surat

શ્રી મુકુન્દ પરીખના હાથે ઈ.સ.૧૯૬૮માં સર્જાયેલી 'મહાભિનિષ્ક્રમણ' ઉત્તમ કોટિની લઘુનવલ છે. તેઓ લાઘવની કલા દ્વારા જે રીતે કથાની સંરચનામાં આંતરલાઘવ સાધે છે એ જોવામાં જ તેમની સર્જકતાનો ખરો પરિચય પ્રાપ્ત થાય છે. કથાની શરૂઆતમાં જ સર્જક સમય, સ્થળ અને વાતાવરણ નિર્મિતિનો સુભગ પરિચય કરાવી આપે છે. નાયક અમિત 'Flash Back' રીતિમાં કથા કહે છે, ને વેદનામાં વલોવાય છે. સંબંધ, શૂન્યતા, રિક્તતા, વેદના, દીવાલો અને પીપળાનું સત્યાસત્ય ભાવક પણ અનુભવી શકે છે. ને ત્યારે ભાવકનુંય મહાભિનિષ્ક્રમણ થાય છે. અમિતનું મહાભિનિષ્ક્રમણ તો વેદનાના અંતે પ્રગટતી સમજણમાંથી જન્મે છે. કથાના અંતે સરોજ દાદરો ઉતરીને જતી બતાવાઈ છે. અમિત જતી સરોજને, પીપળાને, બારી અને સુરજને જોઈ રહ્યો છે. આમ આરંભની પળને જ ફ્રીજ કરીને લેખકે સમય થંભાવી દીધો છે. પછી થંભી ગયેલા સમયની વચ્ચે ઊભા રહીને અમિત દલાલ ભૂતકાળની ગતિવિધિઓને અમિતના જ મુખે કહેવડાવી છે. અમિતના મનના સ્ત્રી વળગણની મુક્તિ પછી પણ જુદી જ વેદના છે. એ માતા ચંદનને સુખ આપવા ઈચ્છે છે. લગ્નનો વિચાર દફનાવી માતૃસેવા ઝંખે છે. એટલે આ કથા સ્ત્રીરાગમાંથી મુક્ત થઈ માતૃરાગમાં ઢળતા અમિતની કથા બને છે. અમિત સ્વબળે અને સ્વાનુભાવે બહાર નીકળે છે. એ જ અમિતનું મહાભિનિષ્ક્રમણ છે.

અમિતની માતા ચંદનને પતિએ અન્યાય કર્યો છે. ચંદન જાણે છે કે પતિએ સુમતિને પ્રેમ કર્યો છે. છતાં સુમતિ સાથેના પતિના સંબધને એ નિભાવી લેવા તૈયાર છે. પણ પતિએને અમિતનો નાનોભાઈ આપે તો બસ. પિતાની છબીને જોતી સૂનબૂન થતી ચંદનની વેદનાને અમિતે જોઈ છે. છતાં એ બા ચંદનને ચાડી શક્યો નથી. ચંદનનું સ્ત્રીત્વ અતૃપ્ત છે ને માતૃત્વ પણ અધુરું છે. એનાથી એ વલોવાય છે. બધી જ જગ્યાએથી ચંદનને ઉપેક્ષા અને તિરસ્કાર મળે છે. બાના આવા ખાલીપણાને અમિત ભરી શકતો નથી. તેની માતૃસ્નેહની તૃષાનો પડઘો એના શમણામાં પણ પડે છે. ચંદનની તૃષાને, પુત્ર સુખની તૃષાને જો અમિત તૃપ્ત કરે તો જ પોતે તૃપ્ત થઇ શકે એમ છે. એવું અમિતને સમજાય છે. તે પોતાનો ખોવાયેલો અંશ ચંદનબામાં જ પામે છે. રમા અને સરોજમાં નહિ. ચંદન મારો કાઉન્ટ પાર્ટ છે એવી અમિતની પ્રતીતિની ક્ષણે કથા પૂરી થાય છે. એમ ચિનુ મોદી પ્રસ્તાવનામાં નોંધે છે તે ઉક્ત સંદર્ભમાં ઉચિત જ છે. અમિત અને એનું 'વુમન ઓબસેસ્ડ' ચિત્ત, ચંદન અને અમિતની અપરાધવૃત્તિ તરફ કથા વળીવળીને જાય છે. અમિત ચંદન સિવાયના પાત્રો એમની સાથેના સંબધો પૂરતા જ લેવાયા છે. સરોજ કે સુમતિના પાત્રો વિઠ્ઠલ કે રમાનું અસ્તિત્વ ઘટનાઓ કે સંવેદનોના વધુ સંદર્ભો મુકવા વધારે લલચાવે એવા છે. પાત્રોના પરસ્પરના સંબધો જોવાથી ખ્યાલ આવશે કે એમની માનસિકતાઓને જ પ્રતીકાત્મક રીતે આલેખવામાં આવી છે.

ચંદનનો વલોપાત એના પતિ તરફનો છે. અમિત બાને ચાહે છે ને તોય એની માનસિકતાને લીધે એને ધીક્કારેય છે. ખાસ કરીને વડોદરામાં એની સાથે પત્ની રમા રહે છે. એની સેવા માટે એ પણ અમિતને ગમતું નથી. સરોજનો પ્રેમ પણ અતૃપ્ત છે. અમિતને સ્ત્રીઓ ક્રૂર લાગે છે. સ્ત્રીઓ એને માટે ભગવાન પણ છે - ને એટલે જ એ ચીતરેલી મીણબત્તીઓ જેવી છે. સહજભાવે પામી શકાવી જોઈએ. એ ભગવાન જેવી દુર્લભ કે 'પ્રિન્ટેડ કેન્ડલ' જેવી ના હોવી જોઈએ. અમિતનું આ ભાવજગત છે. રચનામાં બે ક્ષણો વચ્ચે બધું પડેલું છે. એક ક્ષણ તે સરોજને મેળવવા ઉદગારો કાઢતો અટીરાના આસોપાલવ નીચે બેઠેલો અમિત દલાલ...અને બીજી ક્ષણ

તે અમિત દલાલના ઘરના દાદર ઉપર લગ્નની પ્રપોઝલ લઇને ઉભેલી સરોજને દર્શાવતી ક્ષણ... અમિત ઝંખતો ત્યારે સરોજ ના મળી, ને હવે સરોજ ઝંખે છે ત્યારે અમિત ના પાડે છે. જીવનની ગલીકૂંચીઓ, સંવેદનાઓ રૂપે અહીં આલેખાઇ છે. આરંભની ક્ષણોમાં આસોપાલવ છે, અંતની ક્ષણોમાં પીપળો છે. અમિત આ બંને વૃક્ષોની સાક્ષીમાં બોલ્યો છે બંને ક્ષણોનો અમિત જુદો છે. 'બે અમિલ' વચ્ચે આખી કથા વહે છે. અંતે નારીના વળગણમાંથી સર્જક એને મુક્ત કરે છે. અમિતનું છેલ્લે મહાભિનિષ્ક્રમણ થાય છે.

અમિતની સ્ત્રી ઝંખનામાં સરોજ ચરમસીમાએ આવે છે, જેને બાલ્યાવસ્થામાં રમાડી એના યૌવના સ્પર્શ માટેની વેદના અને કામનાઓના કારમાં આઘાત પછી ચંદનની સેવાના નિમિત્તે સર્વસ્વ ત્યજે છે. અમિતનું ભાવવિશ્વ તથા તેનો વલોપાત, વેદના, કૃતિની સામગ્રીનું કેન્દ્ર છે. પ્રેમ, છલના, સહવાસ, ઝંખના, પ્રાપ્તિ. તૃષા, અતૃપ્તિ, સ્ત્રીત્વ, માતૃત્વ જેવા ઘટકો તાણાવાણારૂપે વણાયા છે. ઘટનાનું તિરોધાન થઇને સંવેદનો અને એના સંદર્ભો જ વર્ણવાય છે. વાસનાઓના પ્રફૂલ્લન અને પ્ર-તોષ માટે સ્ત્રી દેહનો લેખકે સ્વપ્ન દ્વારા કલાત્મક ઉપયોગ કર્યો છે. પહેલા પત્ની રમા અને પછીથી પ્રેયસી સરોજમાં કોઇ પરિતોષ શોધતો અમિત માતા ચંદન પ્રત્યેના અનુરાગ ભાવમાંથી જન્મેલી અપરાધવૃત્તિને કારણે કેવી રીતે ક્યાંયનોય રહી શકતો નથી એનું સર્જકે સૂઝપૂર્વક નિરૂપણ કર્યું છે. સિધ્ધાર્થે બુધ્ધત્વ પામવા સત્યશોધન અર્થે 'મહાભિનિષ્ક્રમણ' કરેલું. અહીં વાસનાઓના વ્રજઘાત અને કામનાઓના કુઠારાઘાત પછી સંકલ્પથી જાણે સર્વસ્વ તજે છે. એનું સર્વ જેમાં સમાય એવી સરોજ સામે ચાલીને પરણવાનો પ્રસ્તાવ મૂકે છે, ત્યારે 'મેરેજમાં હવે રસ નથી કહી એને છોડે-તરછોડે છે. ખરેખર કોનું આ 'મહાભિનિષ્ક્રમણ' છે તે પામતા વાર નથી લાગતી.

અહીં સ્ત્રીનાં અનેક રૂપો અનેક સમસ્યાઓને નવી દષ્ટિથી નિરૂપવામાં આવ્યા છે. સંવેદનાઓ નવી અને રજૂઆત તાજગી વાળી છે. કેટલીક તીવ્ર ક્ષણોમાં ભાવકનું સ્વ-માંથી નીકળીને અમીતમાં રોપવાનું બને છે. સંબંધ શૂન્યતા, રિક્તતા, વેદના, દીવાલો, અને પીપળાનું સત્યાસત્ય ભાવક પણ અનુભવી શકે છે. ત્યારે ભાવકનુંય મહાભિનિષ્ક્રમણ થાય છે. અમિતનું મહાભિનિષ્ક્રમણ તો વેદનાને અંતે પ્રગટતી સમજણમાંથી જન્મે છે, ને એ પછી પણ એના માટે તે વેદનાને અંતે રિક્તતા, એકલતા, વિષાદ, તરસ સમાપ્ત થઇ જતા નથી, નવેસરથી શરૂ થાય છે. કથાના અંતે સરોજ દાદરો ઉતરીને જતી બતાવાય છે. નાયક જતી સરોજને, પીપળાને, બારી અને સુરજને જોઇ રહ્યો છે. આમ આરંભની પળને જ ફ્રીજ કરીનેલેખકે સમયને થંભાવી દીધો છે. થંભેલા સમયની વચ્ચે/ઉભા રહીને અમિતના ભૂતકાળની ગતિવિધિઓને અમિતના મુખે કહેવડાવી છે.

અમિતનું સ્ત્રીઓ તરફનું ખેંચાણ એ કથાનો આરંભ ગણીએ તો સ્ત્રીઓ તરફના તીવ્ર ખેંચાણમાંથી અમિતની મુક્તિ તે અંત છે. એ અર્થમાં અમિતનું આ મહાભિનિષ્ક્રમણ છે. स्त्री विषे अमित स्पष्ट छे. "She is a printed Candle, She is printed God. She is not truth. She is not the call of may soul?" પણ અમિતને એમ સરળતાથી મુક્તિ નથી મળી. મહાભિનિષ્ક્રમણ પણ પામતા પહેલા તે ખૂબ જ પીડા પામ્યો છે. જબરજસ્ત પ્રક્રિયામાંથી પસાર થયો છે. ચંદન, રમા, સરોજ અને રસ્તે શેરીમાં, બસમાં, ટ્રાફિકમાં, હોટેલ, થીયેટરમાં સામે મળતી દરેક સ્ત્રીથી અમિત 'ઓબ્સેસ્ડ' હતો. એ બધી સ્ત્રીઓનું એને વળગણ હતું. સ્ત્રી એની ટેવ હતી, જરૂરિયાત હતી, પણ સ્વપ્નમાં અમિત જુએ છે કે ચંદન-સરોજમાં ભેદ નથી. પોતાની જાતને પણ ઘરડા ડોસા તરીકે જુએ છે, ને એમ બુધ્ધત્વને પામે છે. સ્વપ્નમાં જોયેલું વૃધ્ધત્વ એને બુધ્ધત્વ તરફ વાળે છે ને એ રીતે અમિત મુક્ત થાય છે. કથામાં અમિત જ મહાભિનિષ્ક્રમણ આદરે છે. પીપળો અહી 'બોધિવૃક્ષ' નું પ્રતીક બને છે. ગૌતમ બુધ્ધને પીપળાના વૃક્ષ નીચે જ્ઞાન લાધેલું. અમિતને પણ પીપળાના ઝાડ પાસે છેવટે મુક્તિ મળે છે. અટીરાના આસોપાલવ જો પ્રેમનું પ્રતીક હોય તો પીપળો જ્ઞાનનું તથા સ્ત્રી માયામુક્તિનું પ્રતીક બને છે. 'મહાભિનિષ્ક્રમણ' શીર્ષક પણ આવા જ સંકેતોને દૃઢ કરે છે. દીવાલો બંધનોનું પ્રતીક છે. ખાંસી એ જીવતા જાગતા ભૂતકાળનો નિર્દેશ પણ કરે છે. પાત્રોની જરૂરી સંવેદન ક્ષણોને આલેખાઇ છે. અમિતના ભીતરમાં ચાલતી પ્રક્રિયાઓ, ચંદનની માનસિક પ્રક્રિયાઓ કે સરોજ-રમા-વિઠ્ઠલની સંવેદનાઓ અહીં મૂલ્યવાન છે.

માનવીય સંવેદનાનો ચિતાર અહીં મહત્વનો બની રહે છે. અમિતની માનસિકતાઓ તથા એના કારણોની સંરચના અહીં રજૂ થાય છે. અમિતની કથા નિમિત્તે એના મમ્મી-પપ્પા તથા સુમતી માસી અને એમની દીકરી સરોજને પણ આલેખવાનું સર્જકનું કર્મ છે. અમિત જે પળે ઉભો છે ત્યાં એને પ્રતીત થતી સંબંધ શૂન્યતા, સામાજિક સંદર્ભોથી થયેલો વિચ્છેદ, એનો ઠરી ગયેલો વર્તમાન એ વર્તમાનના કોતરોમાં પડઘાતો દર્દનાક ભૂતકાળ, એ ભૂતકાળથી જીય હલબલી ઉઠતી એની વ્યક્તિ ચેતના, કુંઠિત કરી નાખતો માતૃસંવેદનાનો બોજો, પત્ની રમા અને પ્રેયસી સરોજ સાથેના 'નિજપ્રાપ્તિ' માં વંધ્ય રહેલા સંદર્ભો, કંટાળો અને રિક્તતા વાગી અમિતની કથનીમાં ભળતા જાય છે. ખાસ કરીને અહીં અપેક્ષિત જીવનની અને સંવેદનની સંકુલતા ભારોભાર ભળેલી જોવા મળે છે. કૃતિના કેન્દ્રમાં સંબંધોનું ખોખલાપણું કેન્દ્રમાં છે. પ્રસંગો નહીં પણ એ નિમિત્તે માનવીય સંવેદનોનું નિરૂપણ છે. લગ્નનો પ્રસ્તાવ અસ્વીકૃત થતાં સહેજ દાદરો ઉતરી જાય છે. એ ક્ષણ કૃતિનું સમ્યફલક છે. એ એક ક્ષણને અમિતના 'Internal monlogue' (સ્વગત સંવાદ) વડે સર્જકે ચૈતસિક ભૂમિકાઓ વિસ્તારી છે. સમય વાસ્તવિક જીવનનો નહીં. અમિતના મનોજગતનો છે. તેના ચિત્તમાં ચાલી રહેલા લાગણીના પ્રવાહોને અને મનમાં ચાલતા વિચારોને પ્રતીકો અને સ્વપ્નો દ્વારા વ્યક્ત કરવાનો પ્રયાસ કર્યો છે.

અમિતની એકલતા તો અભેદ રહે છે. કારણ કે અમિત સુરેશ સોની થઇ શકતો નથી. તે હિંમત કરીને અટીરાના આસોપાલવ નીચે સરોજને "હું તને ચાહું છું -સરોજ !" કહી દે છે. સરોજને એ સ્વાભાવિક લાગે છે. અમિત દિલગીર થાય છે, પણ સરોજ એમાં અમિતનો જ વાંક જોતી નથી. મળતા હળતાં યુવાનોમાં આમ જ થાય, સરોજ અમિતને કહે છે : "પણ સાચું કહું અમિત આ પ્રેમ નામનો શબ્દ જ મારે ગળે ઉતરતો નથી." તાર્કિક કરતી સરોજ પ્રેમને બંધન માને છે. ને અમિતથી છૂટી પડે છે. મેડીકલનો અભ્યાસ કરતી સરોજ ત્રણેક વર્ષ ખોવાઈ જાય છે અને ડોક્ટર સરોજ પારેખ થઇને અમિતની સાથે લગ્નની પ્રપોઝલ લઇને આવે છે, ત્યારે સ્ત્રીઓના વળગણમાંથી મુક્ત થઇ ગયેલો અમિત કહે છે.

"સોરી, સરોજ..... પ્રેમની આગને મે હમણાં જ બુઝાવી દિધી છે."

અમિત હવે પ્રેમ કે લગ્ન કરવા માંગતો નથી પણ વડોદરામાં એકલતામાં ઝૂરતી તેની ચંદનબાની સેવા કરવા માંગે છે. તેને જ્ઞાન થા છે સ્ત્રીઓ વિષેનું, પ્રેમ વિષેનું, વાસના વિષેનું ને અંતે 'મહાભિનિષ્ક્રમણ' મામે છે. નારીને ઈશ્વર માનનારો અમિત છેવટે ભ્રમયુક્ત થાય છે. તો નારીને ભોગવવાનું પાત્ર માનનારો સુરેશ સોની જિંદગીની ઘરેડમાં ખોવાઈ જાય છે. વિઠ્ઠલની યાતનાઓ, ચંદનની એકલતા બધું જ નારીજીવનને વર્ણવે છે. સુરેશ સોનીછોકરીઓને કશી ભાવનાથી કે આદર્શોથી જોતો નથી. અમિત વધારે સંવેદનશીલ છે. એ રમાને સરોજને પોતાની પર્સનલ સ્ત્રી તરીકે જુએ છે ને એટલે એ સ્ત્રીઓને પામી ભોગવી શકતો નથી. અમિતની નારી ઝંખના એક મોટું વળગણ બનીને રહી જાય છે. અમિત રમાને પરણે છે, પણ તેને પામી શકતો નથી, સરોજને ચાહે છે. પણ એને પરણી શકતો નથી. ચંદનબાને સમજે છે, પણ એની સાથે રહી શકતો નથી. તો વળી ચંદનની તરસનો કશો જ ઉત્તર જ નથી. અમિત દલાલની સ્ત્રીઓ માટેની લાગણીઓ, સંવેદનાઓ કૃતિમાં કેન્દ્રસ્થાને છે. શરૂઆતમાં અમિત સ્ત્રીઓથી - એમના શરીરમાં રહેલા અંધકારથી ડરે છે. પછી એ દરેક સ્ત્રીને પામવા ભગવાન બની જાય છે. છેવટે સ્ત્રીઓના વળગણમાંથી મુક્તિ પામે છે.

ચંદનને જેમ હિસ્ટીરિયા આવતી હોય છે તેમ સુમતિને પણ આવે છે. એવું દર્શાવીને લેખકે અમિતના પિતા આ બંને સ્ત્રીઓમાંથી ચંદનના પતિ અને સુમતિના ભૂતપૂર્વ પ્રેમી તેમજ પોતે જેને નાનપણમાં રમાડેલી અને હવે મોટી થઇને આકર્ષણનું દુર્દમ્ય પાત્ર બનેલી એ પ્રેયસી સરોજના અને પોતાના પિતા એમ સુચવી દીધું છે. અમિત સરોજને લગ્નનો ઇનકાર કરે છે. એમાં આ વસ્તુએ જાણે-અજાણ્યે પણ ભાગ ભજવ્યો છે. પત્ની રમાનું સ્નેહસાહચર્ય પણ એ અવસાન પામી તે અગાઉ માતા ચંદનને કારણે અમિત માણી શકતો નથી. રમા મૃત્યુ પામે છે એ પછી અમિતના મનોવિકારોને સ્ત્રી-ભૂખના અનુલક્ષમાં લેખકે પાત્રોના મનોવૈજ્ઞાનિક ચલનવલનને થોડાંક ઘેરાં આલેખીને પ્રત્યક્ષ કરાવ્યાં છે. નાયકની સ્ત્રી વિષયક પ્રતીતિ છે કે સ્ત્રી - અંધકાર જ છે. ભલે પછી એકાદ વાર સ્ત્રીને પ્રભુ પદે પણ સ્થપાતી હોય, અંગ્રેજીમાં મૂકેલા અવતરણમાં સ્ત્રીને 'Printed Candle' કહી છે. નાયકનો 'Printed God' માં વિશ્વાસ અસ્તિત્વવાદી નાયકોની પંક્તિમાં એમને બેસાડે પણ કૃતિના શુદ્ધ આસ્વાદમાં વિશેષ કઠતું નથી. સ્ત્રીઓ, પુરુષો, પ્રેમ, સ્ત્રીઓની સૃષ્ટિ, સ્વપ્નોની દુનિયા, ચંદન સાથેના વ્યવહારો, બારી, સુરજ, પીપળો, દીવાલો સાથેની ગોષ્ઠી એકલતાની વેદના ને કામનાનો અગ્નિ આ બધું લયાત્મક શબ્દોમાં વર્ણવાય છે. સર્જકની કહેવાતી રીત, શબ્દોની છટાઓ અને વ્યંજિત થતી અર્થસૃષ્ટિ એકદમ સ્પર્શ બની રહે છે આમ, 'મહાભિનિષ્ક્રમણ' ની કથા માનવીની અતૃપ્તિને તથા જીવનની નિરર્થકતાને સૂચવે છે. છેવટે માણસ ઘરડો થાય છે. જીવનમાં એના બધા જ ઉચાટો, ધખારા, દોડધામ, લાલસાઓ અંતે નકામાં છે. પણ માણસે એમાંથી પસાર થવું જ પડે છે. અમિત, ચંદન, સરોજ, રમા, વિઠ્ઠલ બધા જ એમાંથી પસાર થાય છે. પણ અમિત જેવો સંવેદનપટુ માણસ જ છેવટે તો જિંદગીના ભીતરી સત્યને પામે છે, ને એટલે જ તો એ જેને ઝખતો હતો તે સરોજ સામે ચાલીને ન્યોછાવર થવા આવે છે, તોય સ્વીકારતો નથી... બધા જ પરિતાપો પીપળાની છાયામાં ઓગાળી દેવા અને પૂર્ણતા પામવા અમિત મથામણ કરે છે ત્યાં કથા પૂરી થાય છે. આધુનિક યુગચેતનાની તથા સંવેદનાની ટેકનિક ગુણવત્તાવાળી ટેકનિક પ્રયોજીને લેખક અભિવ્યક્તિ કરે છે, સંવેદન બદલાયું તો રચના રીતિ બદલાઈ ને ભાષાકર્મ પણ બદલાયું ! આમ વિષય અને નિરૂપણની દૃષ્ટિએ નવીનતા દાખવતી સિદ્ધગત રચના છે.

મહાભિનિષ્ક્રમણ (પ્ર.આ.૧૯૬૮)

શ્રી મુકુન્દ પરીખ.